તા.૧૪/૯/૨૦૧૪ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૩૩૦/૧૪**

### પત્નીની હત્યાના ગુન્હામાં પાંચ વર્ષની સજા ભોગવતો પેરોલ જમ્પ થયેલ પાકા કામના કેદી પ્રતાપસિંહ રાજપુતને ઝડપી પાડતી ક્રાઈમબ્રાન્ચ

સંયુકત પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ નાસતા ફરતા તેમજ પેરોલ જમ્પના આરોપીઓ શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા સાહેબ ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સ્પેકટર શ્રી આર.બી.રાણા નાઓની ટીમના પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી એચ.પી.કરેણ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ. હર્ષદકુમાર મનોહરભાઈ નાઓને મળેલ બાતમી હકીકત આધારે બાપુનગર પોલીસ સ્ટેશનમાં સને ૨૦૧૧ માં પોતાની પત્નીને આત્મહત્યાનું દુષ્પ્રેરણ આપવાના ગુનામાં પાંચ વર્ષની સજા પડેલ જે સજા દરમિયાન તા.૯/૧/૨૦૧૪ થી પેરોલ પર હોય જે પેરોલ જમ્પ કરી ભાગતો પાકા કામનો કેદી પ્રતાપસિંહ કિશનસિંહ રાજપુત રહે. ગલી નં.૩, પરીહારનગર, ભગવતી વિધ્યાલયની બાજુમાં રામેશ્વર ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાને પકડી સાબરમતી મધ્યસ્થ જેલ હવાલે કરેલ છે.

### ઇસનપુર પો.સ્ટે.ના ચોરીના ગુન્હામાં ચોરીએ ગયેલ મોબાઇલ ફોન કબ્જે કરતી ક્રાઇમ બ્રાન્ચ

આગામી સમય દરમ્યાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ અટકાવવા સારુ નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલા સાહેબ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી સાહેબ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સ્પેકટરશ્રી આર.બી.રાણા સાહેબ નાઓની ટીમના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી જે.એન.ઝાલાનાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા આ દરમ્યાન પો.કોન્સ. જાવેદખાન યાસીનખાન નાઓને મળેલ બાતમી હકિકત આધારે ચંડોળા તળાવ ખાતે કારખાનામાં કામ કરતા અસ્લમ S/o મહંમદઅજીજ મહંમદહનીફ અંસારી ઉવ.૨૦ રહેઃ મકાન નં.૬ ગરીબનવાઝ મસ્જીદની સામે, સુર્યનગર, ઇશનપુર રોડ, અમદાવાદ શહેરના કબ્જામાંથી સેમસંગ કંપનીનો મોબાઇલ ફોનનો મળી આવતા આ મોબાઇલ ફોન બાબતે પુછતાં તેના મિત્ર પરવેજ મહંમદસફી પઠાણ નાએ આપેલ જેની પુછપરછ દરમ્યાન આ મોબાઇલ ફોન તેને તેના મિત્ર શરફરાજ ઉર્ફે જાડીયા શઝાઉદીન સૈયદ રહેઃ પાનવાલી ચાલી, શાહઆલમ અમદાવાદ શહેર નાએ બિલ આપવાની શરતે વેચાણ આપેલ હોવાની હકિકત જણાવતા ઇસનપુર પોલીસ સ્ટેશન I ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૩૯/૨૦૧૪ I.P.C. કલમઃ ૩૭૯, ૩૫૬ મુજબના કામે મોબાઇલ લુંટનો હોય સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે ગુન્હો ભેદ ઉકેલવામાં આવેલ છે. આગળની તપાસ ઇસનપુર પો.સ્ટે. ખાતે સોંપેલ છે.

**ભારતના માનનીય વડાપ્રધાનશ્રી તેમજ ચીનના રાષ્ટ્ર પ્રમુખશ્રી નાઓ તા.૧૬,૧૭/૦૯/૨૦૧૪ ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય જે અંગે રાખવામાં આવેલ વી.વી.આઇ.પી.બંદોબસ્ત અંગેની માહિતી.**

---

➢ ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી તથા માન.પ્રેસીડેન્ટશ્રી પિપલ્સ રીપબ્લીક ઓફ ચાઇના નાઓ તા.૧૬,૧૭/૦૯/૨૦૧૪ ના રોજ અમદાવાદ શહેર તથા ગાંધીનગરની મુલાકાતે પધારનાર હોય અને મહાનુભાવશ્રીઓ હોટલ હયાત વસ્ત્રાપુર, ગાંધીઆશ્રમ સાબરમતી તથા સાબરમતી રીવરફ્રન્ટ વિગેરે સ્થળોની મુલાકાત લેનાર છે.

| અમદાવાદ શહેર વિસ્તાર | DCP | ACP | PI | PSI | HC/PC | WPC | SRP Sec. | Mounted | Remarksa |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સેક્ટર-૧ | 2 | 3 | 5 | 35 | 325 | 10 | 0 | 0 | |
| સેક્ટર-૨ | 2 | 2 | 6 | 35 | 425 | 10 | 0 | 0 | |
| મુખ્યમથક | 0 | 1 | 1 | 14 | 700 | 0 | 0 | 30 | |
| બહારના | 8 | 25 | 70 | 155 | 2000 | 50 | 0 | 0 | |
| અન્ય | 0 | 0 | 1 | 13 | 0 | 0 | 71 | 30 | |
| **કુલ** | **12** | **31** | **83** | **252** | **3450** | **70** | **71** | **60** | |

આમ વી.વી.આઇ.પી.બંદોબસ્ત સારુ ઉપર મુજબના અધિકારી/ કર્મચારીઓની બંદોબસ્તની ગોઠવણી ઉપરાંત નીચે જણાવ્યા મુજબના સાધનોની પણ વી.વી.આઇ.પી.બંદોબસ્તમાં વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| અ.નં. | સાધનનું નામ | સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ઝામર | ૦૩ | |
| ૨ | બગેઝ સ્કેનર | ૦૫ | |
| ૩ | નેત્ર ટીમ | ૦૨ | |
| ૪ | બી.ડી.ડી.એસ. ટીમ ડોગ સાથે | ૧૦ ટીમ | |
| ૫ | મોટર બોટ | ૦૬ | |
| ૬ | ચેતક કમાન્ડો | ૦૧ યુનીટ | |
| ૭ | ફલડ રેસ્કયુ ટીમ | ૦૧ કંપની | |
| ૮ | દુરબીન, નાઇટ વીઝન ગોગલ્સ, બાયનો કયુલર | | |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.